મહેસાણા તાલુકાના આંબલીયાસણ સ્ટેશન પ્રાથમિક પગાર કેન્દ્ર શાળામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, મહેસાણા ના આંબલીયાસ સ્ટેશન પગાર કેન્દ્ર શાળામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી ના આત્મનિર્ભર વિકસિત ભારત સંકલ્પ યાત્રા મહેસાણા ના ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ દ્વારા યોજાયો હતો. જયારે મુકેશભાઈ પટેલ સંકલ્પ યાત્રા લઈને આંબલીયાસણ પ્રાથમિક શાળામાં પ્રવેશ કરતા તેઓનું ભવ્ય સ્વાગત કરાયું હતું. વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં ઘરે બેઠા

યોજનાઓનો લાભ અપાયો હતો. જેવુ કે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ ઉજવલી યોજના પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના પ્રધાનમંત્રી પોષણ અભિયાન કિશોરી જાગૃતિ અભિયાન શ્રી અન્ય વાનગી હરીફાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આયોજિત એનસીડી તપાસ રસીકરણ ટીબી નિદાન આયુષ્માન કાર્ડ બેન્કિંગ સુવિધા ના સ્ટોલો દ્વારા લાભાર્થીઓને સુવિધાઓ અપાઈ હતી. આ પ્રસંગે મહેસાણા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન મિહિર પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી કાપડિયા સાહેબ, તાલુકા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય પ્રિયંકાબેન પટેલ, તેમજ તાલુકા પંચાયત સદસ્ય પ્રિયંકાબેન રાણા, તાલુકા ભાજપ પ્રમુખ ચંદ્રકાંતભાઈ પટેલ, આંબલીયાસણ સ્ટેશન માજી સરપંચ મહેશભાઈ પ્રજાપતિ, મહેસાણા એ.પી.એમ.સી. ડિરેક્ટર શંકરદાસ હરગોવનદાસ પટેલ, સામાજિક આગેવાન જે.પી. ચૌધરી, અજય દેસાઈ સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ ખૂબ જ સફળ બનાવ્યો તેમજ લાભાર્થીઓ સુધી યોજનાઓના લાભ પહોંચાડ્યા હતા. ત્યારબાદ ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ આંબલીયાસણ સ્ટેશન થી આંબલીયાસણ ગામ તરફ જવાના રેલ્વે અંડર પાસ ની સુવિધા કઈ તરફથી અનુકૂળ આવશે તેની જાત માહિતી માટે રેલવે વિસ્તારની મુલાકાત લીધી હતી.

IRCTC ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા દક્ષિણ ભારત દર્શન યાત્રા ચલાવી રહી છે

અમદાવાદ, ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત "દક્ષિણ દર્શન યાત્રા" માટે ભારત ગૌરવ પ્રવાસી ટ્રેનનું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જે ૨૦.૦૧.૨૦૨૪ ના રોજ રાજકોટ શહેરથી દક્ષિણ દર્શન યાત્રા માટે રવાના થશે. આ યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૪ સુધીની રહેશે. આ દક્ષિણ દર્શન યાત્રા દરમિયાન IRCTC કાંચીપુરમ, કન્યાકુમારી, તિરુવનંતપુરમ, રામેશ્વરમ, મદુરાઈ અને તિરુપતિ જેવા ધાર્મિક સ્થળોએ લઈ જશે. IRCTC તેના મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. આ અંતર્ગત, આ પ્રવાસ માટે ત્રણ શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સુપિરિયર ક્લાસ- 2AC માટે રૂ. ૪૯,૫૦૦/-, કમ્ફર્ટ ક્લાસ -3AC માટે રૂ. ૩૫,૫૦૦/- અને ઈકોનોમી ક્લાસ - (સ્લીપર) માટે રૂ. ૨૨,૦૦૦/-ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં IRCTC દ્વારા LTC સુવિધા પણ આપવામાં આવી રહી છે. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ચાલનારી આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, વાપી, વસઈ રોડ, કલ્યાણ, પુના અને સોલાપુરથી બેસી શકશે. IRCTC દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પેકેજમાં સવારનો નાસ્તો, લંચ અને ડિનર ઑન બોર્ડ અને ઑફ બોર્ડ શુદ્ધ શાકાહારી ભોજન આપવામાં આવશે. પ્રવાસની માહિતી આપવા માટે આ ટ્રેનમાં જાહેરાતની સુવિધા ઉપલબ્ધ છે.ટ્રેનના દરેક કોચમાં એસ્કોર્ટ અને સિક્યોરિટી ગાર્ડ પણ ઉપલબ્ધ રહેશે. IRCTC દ્વારા આ પ્રવાસમાં મુસાફરોનો વીમો પણ સામેલ છે. આ ટ્રેનનું બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ IRCTC વેબસાઈટ (irctctourism.com) પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન બુકિંગ કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ.આર.સી.ટી.સી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઓફિસનો સંપર્ક કરી શકો છો. આ માટે મુસાફરો વોટ્સએપ અથવા ફોન નંબરઃ- ૯૩૨૧૯૦૧૮૪૯, ૯૩૨૧૯૦૧૮૫૧, ૯૩૨૧૯૦૧૮૫૨ પર સંપર્ક કરી શકે છે.

લાલજી મેહરોત્રા લાયન્સ સ્કૂલ અને લાયન્સ ક્લબ ઓફ કર્ણાવતી દ્વારા નિનાદ ૨૦૨૩ -૨૩ અને કાર્નિવલનું આયોજન કરાયું

અમદાવાદ, આરોગ્ય અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને સ્વીકારીને, લાલજી મેહરોત્રા લાયન્સ સ્કૂલ સહિતની લાયન્સ ક્લબ ઓફ કર્ણાવતીની પહેલ, સમુદાયના વિકાસના આધારસ્તંભો તરીકે ઊભી છે. ૨૦ એકરના શાંત કેમ્પસમાં આવેલી લાલજી મેહરોત્રા લાયન્સ સ્કૂલ માત્ર એક સંસ્થા નથી; તે સર્વગ્રાહી શિક્ષણ માટેની પ્રતિબદ્ધતા છે. નર્સરીથી ધોરણ XII સુધી આવરી લેતી, શાળા શ્રેષ્ઠતાને મૂર્ત બનાવે છે, જીવનભર શીખવાની ભાવનાને પ્રોત્સાહન આપે છે. લાલજી મેહરોત્રા લાયન્સ સ્કૂલના પ્રિન્સિપાલ શ્રીમતી રંજના મદાન અને લાયન્સ ક્લબ ઓફ કર્ણાવતીના પ્રેસિડેન્ટ શ્રી હાર્દિક સોની એ જણાવ્યું હતું કે, "નિનાદ ૨૦૨૩ - દોડ એ માત્ર દોડ જ નથી; તે ઉજ્જ્વળ ભવિષ્ય તરફ એક સામૂહિક પગલું છે. આ સમુદાય-સંચાલિત ઈવેન્ટ સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) વિશે જાગૃતિ લાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે. સાથે આવીને, અમારું લક્ષ્ય આપણી આસપાસના વિશ્વ પર અર્થપૂર્ણ પ્રભાવ પાડવાનું છે." સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા કલ્પિત SDGs જાગૃતિ પ્રદર્શનનું અન્વેષણ કરો અને સમુદાય તથા વૈશ્વિક પ્રભાવના સારમાં તમારી જાતને લીન કરો એના પછી પૌષ્ટિક આહારનો મજા માણો ફ્યુઝન કુરમુરા, ગ્રીન ચંક્સ, બટર કર્નલ્સ, પોસ્ટિક પોહા, ગરમ ગરમ ખીચુ, દક્ષિણનો સ્વાદ, મેથી ઢેબરા, સ્પ્રાઉટ ચાટ અને દાળિયા સાથે વૈવિધ્યસભર રાંધણ અનુભવનો આનંદ લો અને સાથે સાથે ચા, કોફી, લેમોનેડ, વેજીટેબલ સૂપ અને રાબ વડે તમારી તરસ મિટાવો. (૧૯-૮)

કર્મચારી નોકરીથી નાખુશ, ૨૮ ટકા વર્ષમાં નોકરી બદલવાનું વિચારે છે

કર્મચારીઓ તેની વર્તમાન નોકરીથી ખુશ નથી, આબાબતનો સર્વે કરતા વૈશ્વિક સ્તરે ૨૮ ટકા કર્મચારીઓ એક જ વર્ષમાં નોકરી બદલવાનું વિચારી રહ્યા છે. એક રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે કર્મચારીઓ નવી તકની શોધમાં વ્યસ્ત રહે છે. તેમજ તેમાંથી કેટલાક નવી જોબમાં સ્વિચ કરવાનું પણ વિચારી રહ્યા છે. ભારતમાં પણ દર ચોથો કર્મચારી એક વર્ષમાં નોકરી બદલવા માંગે છે.

આથી કહી શકાય કે ભારતમાં નોકરી બદલતા લોકોનો દર ૨૬ ટકા છે. આવી સ્થિતિમાં કંપનીઓ માટે સ્થિતિ પડકારજનક બની રહે છે. જે માત્ર ભારત પુરતી જ મર્યાદિત નથી પરંતુ વૈશ્વિક લેવલે આ પરિસ્થિતિ છે.

ખાનગી ક્ષેત્રમાં કામ કરતા મોટાભાગના કર્મચારીઓનું કહેવું છે કે વધી જતી મોંઘવારી અને નજીવા પગારના કારણે તેઓ સતત નવી તકની શોધમાં રહે છે. આ ઉપરાંત કામ કરવાના લાંબા કલાકો અને સામે મળતા ઓછા લાભ અને ભાવનાત્મક લાગણીઓપણ નોકરી બદલવા પાછળના જવાબદાર કારણોમાં સ્થાન ધરાવે છે. જેથી કંપનીએ એ ખાસ જોવું જોઈએ કે તેમના કર્મચારીઓ માટે શું મહત્વનું છે, તેને પ્રાથમિકતા આપવી જોઈએ અને તેના પર કાર્ય કરવું જોઈએ. સર્વેના રિપોર્ટ અનુસાર, જ્યારે કર્મચારીઓને સીધું પૂછવામાં આવ્યું કે તેમના માટે સૌથી મહત્વપૂર્ણ શું છે, ત્યારે તેમની પ્રાથમિકતા પગારધોરણ હતી. ત્યારબાદ જ તેઓએ અન્ય લાભ, સુવિધાઓ, જીવનશૈલી, શીખવાની તક, કામની પસંદગી જેવી અન્ય બાબતોનો સમાવેશ કર્યો હતો. આ ઉપરાંત એક ડેટા અનુસાર કંપની મેનેજમેન્ટની પણ સૌથી વધુ અસર કર્મચારી પર પડતી હોય છે. નોંધનીય છે કે રિપોર્ટના સર્વેક્ષણમાં ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન, અમેરિકા, યુકે, કેનેડા, ફ્રાન્સ અને જર્મની સહિત આઠ દેશોના ૧૧,૦૦૦ કર્મચારીઓને સામેલ કરવામાં આવ્યા હતા. આ સર્વેમાં કર્મચારીઓએ ૨૦ થી વધુ વિવિધ જરૂરિયાતો વિશે માહિતી આપી હતી. આ સિવાય સર્વેમાં એવું કહેવામાં આવ્યું છે કે મેનેજર પ્રત્યે કર્મચારીઓમાં અસંતોષ છે, જેના કારણે કર્મચારીઓ નોકરી બદલવાનું વિચારી રહ્યા છે.

ક્રિસમસના તહેવાર નિમિત્તે સાયન્સ સિટી ૨૫ ડિસેમ્બરે સોમવારના દિવસે મુલાકાતીઓ માટે ખુલ્લી રહેશે

અમદાવાદ, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી મનોરંજન સાથે વિજ્ઞાનલક્ષી શિક્ષણ મેળવવાનું ઉત્તમ સ્થળ છે. વિશ્વની સૌથી શ્રેષ્ઠ અને વિશાળ સાયન્સ સિટીમાં મુલાકાતીઓની સંખ્યા દિવસેની દિવસે વધી રહી છે. ખાસ કરીને રજાના દિવસોમાં અહીં મુલાકાતીઓનો ધસારો વધુ રહેતો હોય છે. સામાન્ય દિવસોમાં સાપ્તાહિક જાળવણી માટે દર સપ્તાહે સોમવારે એક દિવસ માટે મુલાકાતીઓ માટે સાયન્સ સિટી બંધ રાખવામાં આવે છે. જો કે આ વખતે જો કે આ વખતે ક્રિસમસના તહેવારને લઈને ૨૫ ડિસેમ્બરે સોમવારના દિવસે સાયન્સ સિટી ખુલ્લી રાખવામાં આવશે. ક્રિસમસના તહેવારની રજામાં લોકો મુલાકાત લઈ શકે અને મનોરંજન સાથે વિજ્ઞાન શિક્ષણ મેળવી શકે તે માટે ગુજરાત સાયન્સ સિટી સોમવારે પણ ખુલ્લી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. –

પહેલી એપ્રિલથી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી હવાઈ યાત્રા મોંઘી થશે

આગામી પહેલી એપ્રિલથી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી હવાઈ યાત્રા મોંઘી થશે.ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જરોની વાર્ષિક અવર જવર ૧૦ લાખને પાર પહોંચતા એએઆઈએ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ એરપોર્ટને કલસ્ટર-૨માંથી કલસ્ટર-૧માં મૂક્યું છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ કલસ્ટર-૧માં આવતા એરાએ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જરોની સાથે એરલાઈન્સોને અપાતી ફેસેલિટીઓના ચાર્જ વધાર્યા છે. આ વધારાના ચાર્જ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ એરલાઈન્સો થકી પેસેન્જરો પાસેથી વસૂલાત કરશે.સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર યુઝર્સ ડેવલોપમેન્ટ ફીમાં વધારો કરાયો છે. આ ઉપરાંત સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એવિએશન સિક્યુરિટી ફી, પેસેન્જર સર્વિસ ફી અને કોમન યુઝર ટર્મિનલ ઈક્યુમેન્ટ ફી પણ પેસેન્જરો પાસે વસૂલાશે. નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧માં સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર યુઝર્સ ડેવલોપમેંટ ફી રૂ. ૧૦૦ વસૂલાતી હતી. જે હાલમાં નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧૭૫ વસૂલાઈ રહી છે તેમજ અગામી નાણાકિય વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૭૦૯ વસૂલાશે.

પેસેન્જર સર્વિસ ચાર્જ રૂ. ૮૩, કોમન યુઝર ટર્મિનલ ફી રૂ. ૫૦ અને એવિએશન સિક્યુરિટી ફી રૂ. ૨૩૪ વસૂલાશે. આમ, પહેલી એપ્રિલ, ૨૦૨૪થી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી ટેકઓફ થનારી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટના એરફેરમાં રૂ. ૫૫૦ સુધીનો વધારો દેખાશે. એરલાઈન્સો માર્ચ મહિનાના એન્ડિંગથી જ પોતાની સિસ્ટમમાં એરફેરમાં વધારો કરશે અને પેસેન્જરો તે ચૂકવવા પડશે. એરા અનુસાર ઉડાન યોજના અંતર્ગત ચાલતી ફ્લાઈટોના એરફેરમાં કોઈ પણ પ્રકારનો વધારો થશે નહીં. સામાન્ય મુસાફરોને સસ્તા દરોમાં હવાઈ મુસાફરી કરાવવાનો સરકારનો પ્રયાસ છે. તે સાથે પ્રવાસન સ્થળોને પ્રોત્સાહન આપવા માટે સરકાર યોજના અમલમાં મૂકી રહી છે. આ યોજના સાથે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઓપરેટ કરાતી કિશનગઢ, બેલગામી અને દિવની ફ્લાઈટોના એરફેરમાં કોઈ પણ પ્રકારનો વધારો નહીં થશે. આ ઉપરાંત અન્ય ખાનગી એરલાઈન્સથી ઓપરેટ થતી ફ્લાઈટોના એરફેરમાં રૂ. ૫૫૦ સુધીનો વધારો જોવા મળશે.

ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ન આપો કફ સિરપ

નવી દિલ્હી, ભારતના ડ્રગ રેગ્યુલેટર ઢ્ઝ્ર્ એ ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે શરદી અને ઉધરસ માટે કફ સિરપના ઉપયોગ પર પ્રતિબંધ મુકતી ચેતવણી જાહેર આપી છે. ઢ્ઝ્ર્ એ ૧૮ ડિસેમ્બરે તમામ રાજ્યોને એક પત્ર લખીને બે દવાઓ ક્લોરફેનિરામાઈન મેલેટ અને ફિનાઈલફ્રાઈનના કોકટેલનો ઉપયોગ કરીને બનાવેલા સીરપના પેકેજિંગને લેબલિંગ એ અનુસાર કરવા માટે કહ્યું છે. વાસ્તવમાં આ બે દવાઓના મિશ્રણમાંથી બનાવેલ સીરપ અથવા ટેબલેટનો ઉપયોગ ચિંતાઓ પ્રકાશમાં આવી રહી છે. આ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. વિષય નિષ્ણાત સમિતિની ૬ જૂન, ૨૦૨૩ ના રોજ બેઠક મળી જેમાં FDC તરીકે ક્લોરફેનિરામાઈન મેલેટ IP 2mg Phenylephrine HCl IP 5mg Drop/ml ના ઉપયોગ અંગેના મુદ્દાની સમિતિ સમક્ષ ચર્ચા કરવામાં આવી હતી. સમિતિએ ભલામણ કરી હતી કે ૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં FDC નો ઉપયોગ ન કરવો જોઈએ અને તે મુજબ કંપનીઓએ લેબલ અને પેકેજ ઈન્સર્ટ પર આ સંદર્ભમાં ચેતવણીઓનો ઉલ્લેખ કરવો જોઈએ. આ મામલે ન્યૂઝ એજન્સીએ દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના વરિષ્ઠ બાળરોગ નિષ્ણાત ડૉ. ધીરેન ગુપ્તા સાથે વાત કરી હતી. તેમણે કહ્યું, ૧ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ક્લોરફેનિરામાઈન મેલેટ ફિનાઈલફ્રાઈન હાઈડ્રો-ક્લોરાઈડની ભલામણ કરવામાં આવતી નથી. ૨ થી ૪ વર્ષની વયના બાળકો માટે સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. ભલે આ દવા લખવામાં આવી હોય પરંતુ તેનો ઉપયોગ ખૂબ ઓછા સમય અને ઓછા ડોઝ પ્રમાણે થવો જોઈએ. બેહોશ થવા જેવા તેની આડઅસરો થઈ શકે છે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે મેથેમેટિક્સ ડે નિમિત્તે મેથ્સ કાર્નિવલનું આયોજન કરાયું

અમદાવાદ,દર વર્ષે ૨૨ ડિસેમ્બરે ભારતમાં નેશનલ મેથેમેટિક્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે. ખ્યાતનામ ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મ જયંતી નિમિત્તે આ મેથેમેટિક્સ ડે ઉજવવામાં આવે છે. ગણિતના મહત્વ અને ગણિત ક્ષેત્રે શ્રીનિવાસ રામાનુજને આપેલા યોગદાન વિશે જાગૃતિ ફેલાવવા માટે ૨૨ ડિસેમ્બરે નેશનલ મેથેમેટિક્સ ડે ઉજવવાની વર્ષ ૨૦૧૨માં ભારત સરકારે જાહેરાત કરી હતી. ગુજરાત સાયન્સ સિટી ખાતે પણ ૨૨ ડિસેમ્બરે મેથેમેટિક્સ ડે ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત રાજ્ય કક્ષાના મેથ્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના અલગ અલગ ૨૫ જિલ્લાના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. મેથ્સ કાર્નિવલ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના અલગ અલગ ૨૫ જિલ્લાના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. મેથ્સ કાર્નિવલ અંતર્ગત વિદ્યાર્થીઓએ જાતે મેથ્સને લગતા વિવિધ મોડેલ્સ તેમજ પઝલ્સ બનાવીને તેનું એક્ઝિબિશન રજૂ કર્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે મેથ્સની ક્વિઝ અને મેથેમેટિશિયન કેરેક્ટર રોલ પ્લે સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ઈનોવેટિવ મેથ્સ ટીચિંગ મેથડ પર ટીચર્સ પ્રેઝન્ટેશન પણ યોજાયું હતું. જેમાં ઘણા શિક્ષકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ભારતના વિખ્યાત ગણિત-શાસ્ત્રીઓની સિદ્ધિ દર્શાવતો હોલ ઓફ ફેમ પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. –

અદાણી ગ્રીને સોલર એનર્જી કોર્પો.સાથે ૮૦૦૦ મેગાવોટના ટેન્ડર માટે પાવર પરચેઝ એગ્રીમેન્ટ સંપ્પન કર્યું

અમદાવાદ, ભારતની વિરાટ અને વિશ્વના અગ્રણી રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં ગજું કાઢનાર અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL)એ ૧,૭૯૯ મેગાવોટ સોલાર પાવર સપ્લાય કરવા માટે સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) સાથે પાવર પરચેઝ એગ્રીમેન્ટ (PPA) ના અમલીકરણની જાહેરાત કરી છે. જૂન ૨૦૨૦ માં SECI દ્વારા તેને આપવામાં આવેલ સમગ્ર ૮,૦૦૦ MWના ઉત્પાદનને સાંકળતા સોલાર ટેન્ડર માટે પાવર ઑફ ટેક ટાઈ-અપ આ બાકી PPA પર હસ્તાક્ષર કરવા સાથે અદાણી ગ્રીન એનર્જીએ પૂર્ણ કર્યું છે, જે વિશ્વનું સૌથી મોટું સોલાર ટેન્ડર હોવાનો રેકોર્ડ નોંધાવ્યો છે.

બે ગિગાવોટના PV સેલ અને મોડ્યુલ ઉત્પાદન સુવિધાઓની સ્થાપનાના સમાવેશ સાથે અદાણી ગ્રીન એનર્જી લિ.એ સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈંડીઆ સાથેનૌં ઉત્પાદન-સંકલિત સોલાર પીવી ટેન્ડરની કંપનીની પ્રતિબદ્ધતાઓ પરત્વે પ્રગતિ કરી છે.અદાણી એનર્જીએ તેની સહયોગી કંપની મુન્દ્રા સોલર એનર્જી લિ. (MSEL) દ્વારા વાર્ષિક ૨ ગિગાવોટની ક્ષમતા સાથે સોલાર પીવી સેલ અને મોડ્યુલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ કાર્યરત કરી દીધો છે. ગુજરાતના મુન્દ્રા ખાતે આવેલ આ પ્લાન્ટ માં AGEL તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી રિન્યુએબલ એનર્જી હોલ્ડિંગ ફોર લિ. દ્વારા MSEL ના ૨૬% શેર ધરાવે છે. (૧૯-૧)

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

ICICI Home Finance
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટૉવર, અંધેરી-કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત
બ્રાન્ચ ઓફિસ : ૧લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર, યુનાઈટેડ બેંક ઉપર,મહેસાણા - હાઈ-વે. મહેસાણા - ૩૮૪૦૦૨.
(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ
સ્થાવર મિલકતની વેચાણ નોટીસ
સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઈઝએશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ- હરાજી વેચાણ નોટીસ
આથી ખાસ કરીને કરજદાર/રો અને જમીનદાર/રો અને જાહેર જનતા ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી.ના અધિકૃત અધિકારીને ગીરો/ચાર્જ કરાયેલ છે જેનો ભૌતિક કબ્જો સિક્યોર્ડ કેડિએટરએ લઈ લીધો છે, "જેનું જ્યાં છે, "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ સંક્ષિપ્ત વિગત મુજબ, આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીની બાકી રકમની વસુલાત માટે ઈ- હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હાયર્સ લોન એકાઉન્ટ નંબર અને નામ/	કઈ પણ જાણમાં હોય સાથે આરક્ષિત મિલકતની વિગત	બકાયા રકમ	આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ	મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧.	ભગાભાઈ ઉમાભાઈ માળી(કરજદાર) વીણાબેન ભગાભાઈ માળી (સહકરજદાર)લોન એકાઉન્ટ નં LMHEH00001377548 & LMHEH00001377627.	પ્લોટ નં. ૫૭ ના આરએસ નં. ૧૮૪/પૈકી ૨/પૈકી ૨ ધાનેરા સીમમાં સ્થિત, તા. ધાનેરા, ડિસ્ટ્રી. બનાસકાંઠા	રૂા. ૩૧,૦૨,૩૧૦/- ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩.	રૂા. ૨૧,૭૭,૨૮૦/- / રૂા. ૨,૧૭,૭૩૦/-	૦૩ જાન્યુઆરી, ૨૦૨૪ સવારે ૧૧.૦૦- બપોરે ૦૩.૦૦ વાગે	૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ બપોરે ૦૨.૦૦ થી ૦૩.૦૦ કલાકે

આ ઓનલાઈન હરાજી વેબસાઈટ (URL Link - -https://BestAuctionDeal.com) પર અમારી ઑક્શન એજેન્સી ગ્લોબ ટેક દ્વારા હાથ ધરવામાં આવશે. ગિરો મુકનારને નોટીસ આપવામાં આવે છે કે છેલ્લી તક કુલ લેણાં ની પરત ચૂકવણી કુલ લેણાં સાથે આગળ વ્યાજ સુધી ૧૧ જાન્યુઆરી,૨૦૨૪ પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચુકવી દેવી. બીજું આ સુરક્ષિત અસ્કયામતો ઉપર મુજબ ના કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે .
સંભવિત બિડર(ઓ) અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આરટીજીએસ, ડિમાંડ ડ્રાફ્ટ કોલમ ઈ માં આપેલ રકમ સબમિટ કરવું પડશે જે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ , ૧ લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર , યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે , મહેસાણા - ૩૮૪૦૦૨ અથવા ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ સાંજે ૦૪:૦૦ પહેલાં અથવા ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ સાંજે ૦૫:૦૦ તે પહેલા. કૃપયા નોંધ કરો, સંભવિત બિડર(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો તેની સહી કરેલી નકલ ટેન્ડર દસ્તાવેજો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ , ૧ લો માળ, શક્તિ બિઝનેસ સેન્ટર , યુનાઈટેડ બેંક ઉપર, મહેસાણા હાઈ-વે , મહેસાણા - ૩૮૪૦૦૨ પર સબમિટ કરી શકાય છે. આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ ઑક્શન તરફેણનો બનાસકાંઠા ખાતે નેશનલ શિડ્યુલ બેંક ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાફ્ટની સાથે આપવો.
કોઈપણ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડના નંબર ૯૯૨૦૮૦૭૩૦૦ અથવા સેલ્સ એન્ડ માર્કેટિંગ પાર્ટનર નેક્સઝેન સૉલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ પર સંપર્ક કરવો.
સત્તાવાર અધિકારીને બિડને કોઈ પણ વધુ કારણો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે.માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઈટ https://www.icicihfc.com/ ની મુલાકત લો.
તારીખઃ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૩.
સ્થળઃ બનાસકાંઠા.
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
સિગ્નલ એન્ડ ટેલિકોમ્યુનિકેશન ડિપાર્ટમેન્